# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-01-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : SUNDAY** **National News**

### આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના સિંગુરમાં ૮૩૦ કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમૂર્હૂત કર્યું.

2) પ્રધાનમંત્રીએ આસામના કાલિયાબોરમાં 6 હજાર 950 કરોડ રૂપિયાથી વધુના કાઝીરંગા એલિવેટેડ કોરિડોર પરિયોજનાનું ખાતમૂર્હૂત કર્યું.

3) સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ દાવો કર્યો હતો કે તૃણમૂલ કોંગ્રેસ દેશના બંધારણને નષ્ટ કરી રહી છે

4) ભારતીય રેલ્વે આગામી બે વર્ષમાં 7 હજાર 900 કિલોમીટરથી વધુ ટ્રેકનું નવીનીકરણ કરશે.

5) વિશ્વ આર્થિક મંચની 56મી વાર્ષિક બેઠક આવતીકાલે સ્વિટ્ઝર્લૅન્ડના દાવોસમાં શરૂ થશે.

6) ન્યૂઝિલેન્ડે ભારતને અંતિમ એકદિવસીય મેચમાં જીતવા માટે 338 રનનો લક્ષ્યાંક આપ્યો.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM MODI – W. BENGAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના સિંગુરમાં 830 કરોડ રૂપિયા થી વધુના અનેક વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો . પ્રધાનમંત્રીએ બાલાગઢ ખાતે વિસ્તૃત બંદર ગેટવે પ્રણાલિનો શિલાન્યાસ પણ કર્યો , જેમાં એક આંતરિક જળ પરિવહન ટર્મિનલ અને એક ઓવરબ્રિજનો સમાવેશ થાય છે . આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ તમામ કેન્દ્રીય પ્રોજેક્ટ્સ પશ્ચિમ બંગાળના વિકાસને વેગ આપશે . કેન્દ્ર સરકાર વિકસિત ઉત્તરપૂર્વ ભારતના દ્રષ્ટિકોણને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ છે.

(BYTE - PM---EXTENDED-PORT-GATE---SINGUR--WB)

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા અગિયાર વર્ષોમાં , કેન્દ્ર સરકારે કોલકાતાના શ્યામા પ્રસાદ મુખર્જી બંદરની ક્ષમતાનો વિસ્તાર કર્યો છે અને લોજિસ્ટિક્સ વિકાસમાં ફાળો આપ્યો છે. આનાથી રોજગારીમાં પણ વધારો થશે.

(BYTE - PM---MULTI-MODEL-CONNECTIVITY---SINGUR--)

સિંગુરમાં એક જાહેર સભાને સંબોધતા , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે કેન્દ્ર સરકાર પશ્ચિમ બંગાળના યુવાનો , ખેડૂતો અને મહિલાઓના કલ્યાણ માટે સતત કામ કરી રહી છે . તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો ઉદ્દેશ્ય રાજ્યભરમાં આજીવિકા સુધારવા અને રોજગારની તકો ઉભી કરવાનો છે . શ્રી મોદીએ આરોપ લગાવ્યો કે રાજ્ય સરકાર કેન્દ્રીય યોજનાઓના અમલીકરણમાં અવરોધ ઉભો કરી રહી છે , પ્રધાનમંત્રીએ ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવી હતી.

. . . .

# PM MODI - ASSAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આસામના કાલિયાબોરમાં 6 હજાર 950 કરોડ રૂપિયાથી વધુના કાઝીરંગા એલિવેટેડ કોરિડોર પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો . આ લાંબો કોરિડોર 86 કિલોમીટર રાષ્ટ્રીય ધોરીમાર્ગ હેઠળનો પર્યાવરણને અનુકૂળ પ્રોજેક્ટ છે . આ પ્રસંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય પ્રાદેશિક જોડાણ સુધારવાનો છે અને સાથે સાથે ઉદ્યાનની સમૃદ્ધ જૈવવિવિધતાનું સંરક્ષણ પણ સુનિશ્ચિત કરવાનો છે.

(બાઇટ-પીએમ-કાલિયાબોર કોરિડોર - 33)

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે કાઝીરંગા આસામનો આત્મા છે અને તાજેતરના વર્ષોમાં અહીં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે આસામમાં ભાજપ સરકાર જે રીતે ઘૂસણખોરીની સમસ્યાનો સામનો કરી રહી છે , જંગલોનું સંરક્ષણ કરી રહી છે અને ધાર્મિક , સાંસ્કૃતિક અને ઐતિહાસિક સ્થળોનું રક્ષણ કરી રહી છે તે પ્રશંસનીય છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકાર મુખ્ય સ્થળોને અતિક્રમણથી મુક્ત કરી રહી છે.

પ્રધાનમંત્રીએ આસામના નાગાંવ જિલ્લાના કાલિયાબોરથી બે નવી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનોને પણ લીલી ઝંડી આપી હતી . આ ટ્રેનો કામાખ્યા -રોહતક અમૃત ભારત એક્સપ્રેસ અને ડિબ્રુગઢ -લખનૌ ગોમતી નગર અમૃત ભારત એક્સપ્રેસ છે.

. . . . .

# PRIME MINISTER - BAGURUMBA DWOHU

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ગુવાહાટીમાં બાગુરુમ્બા દ્વોહુ ઉત્સવ તેમના માટે એક યાદગાર અનુભવ હતો.

સોશિયલ મીડિયા સંદેશમાં મોદીએ કહ્યું કે આ કાર્યક્રમ દેશભરમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે , પ્રધાનમંત્રીએ કાર્યક્રમમાં પ્રદર્શિત જીવંત બોડો સંસ્કૃતિ પર પણ ભાર મૂક્યો, અને 10 હજારથી વધુ લોકોની ભાગીદારી અને શાનદાર લેસર શો નો ઉલ્લેખ કર્યો

. . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . .

# RIJJU - TMC

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ દાવો કર્યો હતો કે તૃણમૂલ કોંગ્રેસ - ટીએમસી દેશના બંધારણન ે નષ્ટ કરી રહી છે . ભારતીય જનતા પાર્ટી એ, પશ્ચિમ બંગાળ તરફથી તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરતા મંત્રીએ આરોપ લગાવ્યો હતો કે તેઓ ભારતીય નાગરિકોના મૂળભૂત અધિકારો છીનવી રહ્યા છે અને ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સને રક્ષણ આપી રહ્યા છે . તેમણે એવો પણ દાવો કર્યો હતો કે તૃણમૂલ કોંગ્રેસના શાસનમાં પશ્ચિમ બંગા ળમાં કાયદાનું શાસન નથી.

. . . . . .

# REPUBLIC DAY - INVITATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે 77મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે મહેમાનોને મોકલવામાં આવેલા ખાસ ડિઝાઇન કરેલા 'એટ-હોમ' આમંત્રણ કાર્ડની ઝલક શેર કરી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે આ વર્ષનું આમંત્રણ કાર્ડ ભારતના ઉત્તરપૂર્વ ક્ષેત્રની જીવંત પરંપરાઓને પ્રતિબિંબિત કરે છે. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે આ આમંત્રણ કાર્ડ અષ્ટલક્ષ્મી રાજ્યોના કુશળ કારીગરો અને કારીગીરીને સમર્પિત છે.

. . .

# BJP CHAIRMAN ELECTION

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે નામાંકન આવતીકાલથી શરૂ થશે . પાર્ટીના રિટર્નિંગ ઓફિસર કે . લક્ષ્મણે ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો હતો.

આવતીકાલે બપોરે 2 વાગ્યાથી 4 વાગ્યા સુધી નામાંકન દાખલ કરી શકાશે. ઉમેદવારીપત્રોની ચકાસણી સાંજે 4 વાગ્યાથી 5 વાગ્યા સુધી થશે અને ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની પ્રક્રિયા સાંજે 6 વાગ્યા સુધી ચાલુ રહેશે . આ પ્રક્રિયા પછી મંગળવારે મતદાન થશે.

. . . . . .

# JAYSHANKAR – US CENTRE

વિદેશમંત્રી ડૉ . એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં અમેરિકન સેનેટર સ્ટીવ ડેઇન્સ સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં, ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે બંને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધો અને મહત્વના વ્યૂહાત્મક મુદ્દાઓ પર વ્યાપક અને સ્પષ્ટ ચર્ચા કરી હતી.

. . . .

# INDIAN RAILWAY

ભારતીય રેલ્વે આગામી બે વર્ષમાં 7 હજાર 900 કિલોમીટરથી વધુ ટ્રેકનું નવીનીકરણ કરવાની યોજના ધરાવે છે.

રેલ્વે મંત્રાલયે જણાવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષ 2025-26 માં 7 હજાર 500 કિલોમીટરથી વધુ ટ્રેકનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે , અને પાછલા નાણાકીય વર્ષમાં 6 હજાર 800 કિલોમીટરથી વધુ ટ્રેકનું નવીનીકરણ કરવામાં આવ્યું છે.

મંત્રાલયે જણાવ્યું કે, હાઇ-સ્પીડ ટ્રેકની લંબાઈ લગભગ બમણી થઈ ગઈ છે , જે 2014 માં 31 હજાર કિલોમીટરથી વધુ હતી જે હવે 84 હજાર કિલોમીટરથી વધુ થઈ ગઈ છે. આનાથી 80 ટકા રેલ નેટવર્ક પર 110 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે સંચાલન શક્ય બને છે.

. . . .

# FACT CHECK – VB G RAMJI G

સરકારે સોશિયલ મીડિયા પર ફરતા એક વિડીયોનું ખંડન કર્યું છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) અધિનિયમ હેઠળ લઘુત્તમ વેતન નક્કી કરવામાં આવશે નહીં.

પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો -પીઆઈબી ના ફેક્ટ -ચેકિંગ યુનિટે જણાવ્યું છે કે આ દાવો ભ્રામક છે . કામદારોને ચૂકવવામાં આવતા વેતનમાં કોઈ ઘટાડો કરવામાં આવશે નહીં, અને રોજગારની કાનૂની ગેરંટી પહેલાની જેમ ચાલુ રહેશે.

. . . . . . . . . . . . .

# WORLD ECONOMICS FORUM

વિશ્વ આર્થિક મંચ ની 56મી વાર્ષિક બેઠક આવતીકાલે સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં શરૂ થઈ રહી છે. દાવોસમાં 56મી વાર્ષિક બેઠકમાં 3 હજારથી વધુ વૈશ્વિક નેતાઓ ભાગ લઈ રહ્યા છે.

પાંચ દિવસીય સંવાદમાં ભાગ લેવા માટે 100 થી વધુ ભારતીય મુખ્ય કાર્યકારી અધિકારીઓ અને એક મોટું સરકારી પ્રતિનિધિમંડળ સ્વિસ શહેરમાં છે.

કેન્દ્રીય મંત્રીઓ અશ્વિની વૈષ્ણવ , પ્રહલાદ જોશી અને કે . રામમોહન નાયડુ સહિત વરિષ્ઠ કેન્દ્રીય મંત્રીઓ હાજરી આપે તેવી અપેક્ષા છે. મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, આસામ અને ઝારખંડના મુખ્યમંત્રીઓ રોકાણકારોને પોતપોતાના રાજ્યોમાં વ્યાપારિક તકો દર્શાવશે . કર્ણાટક, ઉત્તરપ્રદેશ, કેરળ અને તેલંગાણા સહિત વિવિધ રાજ્ય સરકારોના પેવેલિયન પણ હાજર છે.

દરમિયાન મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિશ્વ આર્થિક મંચ 2026 માં હાજરી આપવા માટે સ્વિટ્ઝર્લેન્ડના દાવોસ જવા રવાના થયા છે.

. . . . . . .

# CRICKET - INDIA VS NEW ZEALAND

ભારત અને ન્યૂઝિલેન્ડ વચ્ચે ત્રણ મેચોની શ્રેણીની અંતિમ એકદિવસીય મેચમાં ન્યૂઝિલેન્ડે ભારતને જીતવા માટે 338 રનનો લક્ષ્યાંક આપ્યો છે.

ઈન્દોરમા રમાઈ રહેલી આ મેચમાં ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝિલેન્ડની ટીમે 50 ઓવરમાં આઠ વિકેટે 337 રન બનાવ્યા હતા.

યજમાન ભારતે 338 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં છેલ્લા મળેલા અહેવાલ મુજબ ભારતે 25 ઓવરમાં 4 વિકેટ 136 રન બનાવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે , હાલની એકદિવસીય શ્રેણી 1-1થી બરાબર છે , જેમાં ભારતે પહેલી મેચ જીતી હતી અને ન્યૂઝીલેન્ડે બીજી મેચ જીતી હતી.

. . . . .

# IND – AMERICA INVEST

ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના સભ્ય રિચ મેકકોર્મિકે જણાવ્યું છે કે પાકિસ્તાન ભારતની જેમ અમેરિકામાં રોકાણ લાવતું નથી . તેમણે સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઇન્ટરનેશનલ સ્ટડીઝ દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરતી વખતે આ નિવેદન આપ્યું હતું.

ટેરિફ અને વેપારના સંદર્ભમાં અમેરિકા માટે ભારતના આર્થિક અને વ્યૂહાત્મક મહત્વ પર ભાર મૂકતા , મેકકોર્મિકે નિર્દેશ કર્યો કે , પાકિસ્તાન 300 મિલિયન લોકોનો દેશ હોવા છતાં અમેરિકામાં રોકાણ કરતું નથી . ભારત માત્ર અમેરિકા પાસેથી રોકાણ મેળવતું નથી પણ તેમાં રોકાણ પણ કરે છે.

ભારત અને અમેરિકાને સમાન વિચારધારા ધરાવતા દેશો તરીકે વર્ણવતા , તેમણે વેપારમાં સહકાર અને ન્યાયીપણાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

. . . .